નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જના ડીઆઈજી બનાવાયા

ગુજરાતમાં ૩૭ આઈપીએસ અધિકારીઓની એકસાથે બદલી

ગાંધીનગર,તા.6: રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં લાંબા સમયથી અપેક્ષિત મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યમાં કુલ ૩૭ આઈપીએસ અધિકારીઓની એકસાથે બદલી કરીને વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર નવી નિમણૂક કરવામાં આવી છે. આ બદલાવમાં કેટલાક હોદ્દાઓને અપગ્રેડ તથા ડાઉનગ્રેડ પણ કરવામાં આવ્યા છે.આ ફેરફાર અંતર્ગત નિર્લિપ્ત રાયને રાજ્ય મોનીટરિંગ સેલમાંથી બદલીને રાજકોટ રેન્જના ડીઆઈજી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજકોટ રેન્જનું આ પદ અગાઉ અશોકકુમારની બદલી પછી ખાલી પડ્યું હતું, જેને હવે ડાઉનગ્રેડ કરીને નિર્લિપ્ત રાયને સોંપવામાં આવ્યું છે. અશોકકુમારને હવે ગુપ્તચર વિભાગના પોલીસ મહાનિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

નામ	હાલની પોસ્ટિંગ	બદતી/બદલી
શમશેર સિંઘ	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	ડાયરેક્ટર, સિવિલ ડિફેન્સ અમદાવાદ
અશોક કુમાર	IGP, રાજકોટ રેન્જ	IGP, CID (ઈન્ટેલિજન્સ), ગાંધીનગર
ગગનદીપ ગંભીર	IGP (એડમિન), ગાંધીનગર	IGP, સ્ટેટ મોનિટરિંગ સેલ (વધારાનો હવાલો)
ગૌતમકુમાર એમ. પરમાર	IGP, ભાવનગર રેન્જ	IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર
રાઘવેન્દ્ર વત્સ	JCP (ક્રાઇમ), સુરત શહેર	IGP, અમદાવાદ રેન્જ
નિલેશ બી. જાજડિયા	IGP, જૂનાગઢ રેન્જ	JCP (સેક્ટર-2, લો એન્ડ ઓર્ડર), વડોદરા
બિપિન એસ. અહિરે	એડિ.ડાયરેક્ટર, ACB, અમદાવાદ	IGP, સાયબર સેન્ટર, ગાંધીનગર
પી. એલ. માલ	IGP, કોસ્ટલ સિક્યુરિટી, અમદાવાદ	એડિશનલ ડાયરેક્ટર, ACB, અમદાવાદ
એન. એન. ચૌધરી	JCP (ટ્રાફિક), અમદાવાદ	IGP, ઈન્ટેલિજન્સ-૨, ગાંધીનગર
એ. જી. ચૌહાણ	IGP (જેલ), અમદાવાદ	JCP (ટ્રાફિક), અમદાવાદ
આર. વી. અસારી	IGP, પંચમહાલ-ગોધરા રેન્જ	IGP, ભાવનગર રેન્જ
કે. એન. ડામોર	JCP, સેક્ટર-૨, સુરત	IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર
મકરંદ જી. ચૌહાણ	જોઇન્ટ ડાયરેક્ટર, ACB, અમદાવાદ	DIGP (લો એન્ડ ઓર્ડર), ગાંધીનગર (બઢતી)
પરીક્ષિતા વી. રાઠોડ	IGP, CID (ક્રાઇમ), ગાંધીનગર	IGP, બનાસકાંઠા રેન્જ, પાલનપુર
વિધિ ચૌધરી એડિશનલ	CP (સ્પેશિયલ બ્રાન્ચ), અમદાવાદ	DIGP, પંચમહાલ-ગોધરા રેન્જ
વિશાલકુમાર બી. વાઘેલા	DIGP (આર્મ્ડ યુનિટ્સ), ગાંધીનગર	DIGP, સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર
ડો. લીના પાટીલ	એડિ.CP (ક્રાઇમ/લો એન્ડ ઓર્ડર), વડોદરા	પ્રિન્સિપાલ, ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ
નિર્લિપ્ત રાય	DIGP, સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર	DIGP, રાજકોટ રેન્જ
દીપકકુમાર વી. મેઘાણી	DIGP (લો એન્ડ ઓર્ડર), ગાંધીનગર	જોઇન્ટ ડાયરેક્ટર, ACB, અમદાવાદ
મહેન્દ્ર બગડિયા	એડિ.CP (ક્રાઇમ/ટ્રાફિક/એડમિન), રાજકોટ	એડિશનલ CP, સેક્ટર-૨, સુરત
હિતેશકુમાર એચ. જોયસર	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP, ઈન્ટેલિજન્સ-1, ગાંધીનગર
ડો. તરુણ દુગ્ગલ	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	એડિ. CP (એડમિનિસ્ટ્રેશન), અમદાવાદ
ચૈતન્ય આર. માંડલીક	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	એડિ. CP (ટ્રાફિક્ર એડમિન), રાજકોટ
સરોજ કુમારી	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP (જેલ), વડોદરા
રાજેન્દ્રસિંહ ચુડાસમા	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP, જૂનાગઢ રેન્જ
આર. પી. બારોટ	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP (જેલ), અમદાવાદ
ડો. જી. એ. પંડ્યા	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP (જેલ), રાજકોટ
આર. ટી. સુસરા	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	એડિ.CP (સ્પેશિયલ બ્રાન્ચ), અમદાવાદ
સુધા એસ. પાંડે	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP (આર્મ્ડ યુનિટ્સ), વડોદરા
સુજાતા મઝમુદાર	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DIGP (આર્મ્ડ યુનિટ્સ), ગાંધીનગર
સુધીરકુમાર જે. દેસાઇ	DIGP (ઇન્ટેલિજન્સ), ગાંધીનગર	એડિ.CP (સેક્ટર-1 અને ટ્રાફિક), વડોદરા
બલરામ મીના	ADC, રાજ્યપાલશ્રી (લોકભવન)	એડિશનલ CP, સેક્ટર-1, સુરત
કરણરાજ વાઘેલા	એડિ.CP (ઈકોનોમિક વિંગ), સુરત	એડિશનલ CP (ક્રાઇમ), સુરત
એસ. વી. પરમાર	DIGP, SRPF ગ્રુપ-15, મહેસાણા	એડિશનલ CP (ટ્રાફિક), સુરત
એ. એમ. મુનિયા	DIGP, SRPF ગ્રુપ-5, ગોધરા	સુરત DIGP, કોસ્ટલ સિક્યુરિટી, અમદાવાદ
મયુર જી. પાટીલ	વેઈટિંગ ફોર પોસ્ટિંગ	DCP ઝોન-8, અમદાવાદ
વાબંગ જમીર	સ્પેશિયલ CP, સેક્ટર-1, સુરત	વેઈટિંગ ફોર પોસ્ટિંગ

UPSC સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૫માં સ્પીપાના ૩૪ ઉમેદવાર સફળ

ગાંધીનગરઃ યુનિયન પબ્લિક સર્વિસ કમીશન (UPSC) દ્વારા લેવામાં આવેલી સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૫ના અંતિમ પરિણામમાં સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા, (સ્પીપા) અમદાવાદ ખાતે તાલીમ લીધેલા કુલ ૩૪ ઉમેદવાર અખિલ ભારતીય સેવા માટે પસંદગી પામ્યા છે, જે સંસ્થાની નોંધપાત્ર સિદ્ધિ છે.

UPSC દ્વારા ૨૩ મે ૨૦૨૫ના રોજ યોજાયેલી સિવિલ સર્વિસ પ્રિલિમ પરીક્ષાનું પરિણામ ૧૧ જૂન ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી કુલ ૧૪,૧૬૧ ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. તેમાં SPIPA ખાતે તાલીમ લીધેલા ૨૭૨ ઉમેદવારનો સમાવેશ થાય છે.

ત્યારબાદ મુખ્ય પરીક્ષાનું પરિણામ ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર થયું હતું, જેમાં સમગ્ર ભારતમાંથી ૨૩૭૬ ઉમેદવારો પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદ થયા હતા, તેમાં સ્પીપાના ૮૨ ઉમેદવારનો સમાવેશ થયો હતો.

ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા પર્સનાલિટી ટેસ્ટના આધારે યુપીએસસી દ્વારા ૫ માર્ચ ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા અંતિમ પરિણામમાં સમગ્ર ભારતમાંથી ૯૫૮ ઉમેદવારો અખિલ ભારતીય સેવા માટે પસંદ થયા છે. આ આખરી પસંદગીમાં સ્પીપા ખાતે તાલીમ લીધેલા ૩૪ ઉમેદવારનો સમાવેશ થાય છે.

પર્સનાલિટી ટેસ્ટ માટે સ્પીપા દ્વારા ઉમેદવારોને નવેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વિશેષ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ૧૫ 'મોક ઈન્ટરવ્યુ' અને ૪ વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

બિહારના મુખ્ય મંત્રીના હોદ્દા પરથી નીતીશકુમારની શાલિનતાથી હકાલપટ્ટી કરવામાં આવી છે

ભાજપ માટે કહેવાય છે કે જે રાજ્યમાં તેની સરકાર બને ત્યાં તે પહેલો ભોગ વિરોધીઓનો લે છે અને બીજો ભોગ પોતાના સહયોગીઓનો લે છે. જો આ વાત માનવામાં ન આવતી હોય તો ભાજપે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના અને પંજાબમાં અકાલી પક્ષના જે હાલહવાલ કર્યા, તેનો ઇતિહાસ તપાસી જોજો. ભાજપ જે રાજ્યમાં પોતાને પગ મૂકવાની પણ જગ્યા ન હોય ત્યાં પ્રાદેશિક પક્ષની પીઠ ઉપર ચડીને પ્રવેશ કરે છે, પોતાનો પગદંડો જમાવે છે અને પછી હળવે રહીને પ્રાદેશિક પક્ષને લાત મારીને પોતે ખુરશી પર સવાર થઈ જાય છે. ભાજપે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના જે હાલ કર્યા તે હાલ હવે બિહારમાં નીતીશકુમારના કર્યા છે; ફરક એટલો છે કે ઉદ્ધવ ઠાકરેને લાત મારીને દૂર કરવામાં આવ્યા હતા, જ્યારે નીતીશકુમારને મુલાયમ રીતે દૂર કરવામાં આવ્યા છે. નીતીશ કુમાર છેલ્લાં વીસ વર્ષથી ભાજપ અથવા તેના વિરોધીઓ સાથે ગઠબંધન કરીને મુખ્ય મંત્રીની ગાદી પર ટકી રહ્યા હતા. હવે ભાજપે તેમને ધીમેથી ધક્કો મારીને ખુરશી ખેંચી લીધી છે, પણ ઉદ્ધવ ઠાકરેની જેમ તેમનું અપમાન કરવાને બદલે તેમનો રાજ્યસભામાં જવાનો રસ્તો ખુલ્લો કરીને તેમને બહુમાનપૂર્વક વિદાય આપી છે. ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા આ ઓપરેશન એટલી સિફતથી પાર પાડવામાં આવ્યું કે નીતીશના સહયોગીઓને પણ તેની ગંધ આવી નહોતી.

૨૦૨૫માં ભાજપે નીતીશકુમારના પક્ષ જેડીયુના સાથમાં વિધાનસભાની ચૂંટણી લડી ત્યારે તેમનું સૂત્ર હતું: ફરી એક વાર ૨૦૨૫ થી ૨૦૩૦ નીતીશ. ભાજપ અને જેડીયુના ગઠબંધનનો જંગી બહુમતીથી વિજય થયો હતો અને નીતીશકુમારે દસમી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. છેલ્લા બે દાયકાથી બિહારના રાજકારણનાં મુખ્ય કેન્દ્ર રહેલા નીતીશકુમારે માત્ર ૧૦૫ દિવસ પહેલાં જ શપથ લીધા હતા અને હવે તેમણે મુખ્ય મંત્રીપદેથી રાજીનામું આપ્યું છે. ભાજપે ૨૦૩૦ તો શું ૨૦૨૬નું વર્ષ પૂરું થાય ત્યાં સુધી પણ તેમને મુખ્ય મંત્રીના હોદ્દા પર રહેવા દીધા નથી. તેમના આ નિર્ણયથી તેમના પક્ષનાં લાખો કાર્યકરોને ભારે આંચકો લાગ્યો છે.

નીતીશકુમારની સોશ્યલ મીડિયા પોસ્ટ મુજબ તેઓ સ્વેચ્છાએ સંસદના ઉપલા ગૃહના સભ્ય બનવા માંગે છે, પરંતુ પક્ષના કાર્યકરો માટે આ સ્વીકારવું મુશ્કેલ છે. ભાગલપુરના એક કાર્યકરે કહ્યું કે નીતીશકુમારના રાજ્યસભામાં જવાના સમાચાર બહાર આવ્યા પછી તેમનો હોળીનો આનંદ ગાયબ થઈ ગયો છે. આટલો મોટો નિર્ણય અચાનક કેવી રીતે અને શા માટે લેવામાં આવ્યો તે અંગે તેમના પક્ષના કાર્યકરો ગુસ્સો, રોષ અને ઊંડી મૂંઝવણમાં છે. નીતીશના સમર્થકો કહે છે કે આ નિર્ણય નીતીશકુમારનો નથી. જો તેમણે નિર્ણય લીધો હોત, તો પણ તેમણે હોળી પછી પાર્ટીનાં કાર્યકરો અને સભ્યો સાથે સલાહ લીધા પછી જ લીધો હોત. ગઈ કાલે રાત્રે સમાચાર જોયા કે તરત જ હું સવારે પટના દોડી ગયો. મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે આવું કંઈક થયું છે.

૫ માર્ચની સવારથી જ જેડીયુના સેંકડો કાર્યકરો પાર્ટી કાર્યાલય અને એક અન્ય માર્ગ પર મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર એકઠા થવા લાગ્યા હતા. મુખ્યમંત્રી નિવાસસ્થાનની બહાર પરિસ્થિતિ એવી બની ગઈ કે વધારાનું પોલીસ દળ તૈનાત કરવું પડ્યું. કાર્યકરોને પણ ત્યાં ઊભા રહેવાની મનાઈ ફરમાવી દેવામાં આવી. જ્યાં સુધી JDU કાર્યાલયનો સવાલ છે, ત્યાં સુધી ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ તેમાં તોડફોડ પણ કરી હતી. જ્યારે નીતીશકુમારનો કાફલો ગૃહમંત્રી અમિત શાહ સાથે રાજ્યસભાનું ઉમેદવારીપત્ર ભરવા માટે મુખ્યમંત્રી નિવાસસ્થાનથી નીકળ્યો ત્યારે બહાર પાર્ટીનાં કાર્યકરોએ અમિત શાહ અને લલ્લન સિંહ મુર્દાબાદના નારા લગાવ્યા હતા. લલ્લન સિંહ જેડીયુના નેતા છે અને નીતીશની વિદાયનું કાવતરું તેમણે ભાજપ સાથે મળીને રચ્યું હોવાનું કહેવાય છે. મોટા ભાગનાં લોકોએ આરોપ લગાવ્યો હતો કે નીતીશકુમારના રાજ્યસભાના નોમિનેશન માટે તેમના પોતાના પક્ષનાં કેટલાંક લોકો દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે નીતીશકુમારના આ નિર્ણય પાછળનાં મુખ્ય કારણો શું હતાં? શું તેઓ ખરેખર દબાણ હેઠળ હતા? બિહારના આગામી મુખ્યમંત્રી કોણ બનશે? તેઓ કયા પક્ષના હશે? નીતીશકુમારના પુત્ર નિશાંત કુમાર રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે, તેવા દાવામાં કેટલું સત્ય છે? જેડીયુનું ભવિષ્ય શું છે? શું જેડીયુ ભાજપમાં વિલીન થઈ જશે? જાણકાર સૂત્રો કહે છે કે હોળીની સાંજે દિલ્હીમાં એક બેઠક મળી હતી, જેમાં ગૃહ મંત્રી અમિત શાહ સાથે નીતીશના ત્રણ સહયોગીની વાટાઘાટો થઈ હતી.

આ બેઠકમાં નીતીશના વિદાયની રૂપરેખાઓ નક્કી કરવામાં આવી હતી. કેટલાક દિવસો પહેલાં નીતીશના નજીકનાં મનાતાં કેટલાંક લોકો પર ઇડીના દરોડાઓ પાડવામાં આવ્યા હતા, જેના તાર નીતીશકુમાર સાથે જોડાયેલા હતા. આ દરોડાઓના કારણે નીતીશકુમાર પર દબાણ આવ્યું અને તેઓ રાજીનામું આપવા તૈયાર થઈ ગયા હતા.

બિહારના વરિષ્ઠ પત્રકાર અને લેખક સંતોષસિંહ અને ૧૯૭૩ થી પત્રકારત્વ કરી રહેલા વરિષ્ઠ પત્રકાર લવકુમાર મિશ્રા નીતીશ કુમારના આ નિર્ણયને બિલકુલ આશ્ચર્યજનક માનતા નથી. તેમના મતે નીતિશકુમાર મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જશે તે પહેલાંથી જ નક્કી હતું. સંતોષસિંહના જણાવ્યા મુજબ એક ચોક્કસ તારીખથી મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં સમાચાર ફેલાવા લાગ્યા કે સાહેબ જવાના છે. સંતોષસિંહ આનાં કેટલાંક મુખ્ય કારણો જણાવે છે. પ્રથમ, રાજ્યસભાની ખાલી જગ્યાઓ લગભગ દર બે વર્ષે ખાલી પડે છે, તેથી જો નીતીશકુમારે આ ખાલી જગ્યા માટે ઉમેદવારી નોંધાવી ન હોત, તો તેમણે બીજાં બે વર્ષ રાહ જોવી પડી હોત. બીજું, તેમનું સ્વાસ્થ્ય લથડતું હતું. તેઓ હવે પહેલાં જેટલા નિર્ણયો લેવા સક્ષમ નહોતા. ત્રીજું, પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અને ભૂતપૂર્વ અમલદાર મનીષ વર્માનું નામ તેમના ઉત્તરાધિકારીની રેસમાં ઊભરવા લાગ્યું હતું, જેના કારણે નીતીશકુમાર માટે થોડી અસ્વસ્થતાભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી.

આ પછી, નીતીશકુમારના પુત્ર નિશાંત કુમારને રાજ્યસભામાં મોકલવા અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. જો કે, નિશાંતે દિલ્હી જવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે, લલ્લનસિંહ, સંજય ઝા અને વિજય ચૌધરી જેવા નેતાઓએ નીતીશકુમારને સમજાવ્યા કે રાજ્યસભામાં પ્રવેશવાનો આ યોગ્ય સમય છે. સંતોષસિંહ એ વાત તરફ પણ ધ્યાન દોરે છે કે નીતીશકુમાર પછીના જેડીયુના નેતૃત્વના ભાજપ સાથે ખૂબ જ સૌહાર્દપૂર્ણ સંબંધો છે. સંજય ઝા ભાજપમાં હતા. લલ્લનસિંહ નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં મંત્રી છે. નીતીશકુમાર પોતે નિર્ણયો લેવા સક્ષમ નથી, તેથી એમ કહેવું કે તે તેમનો સ્વતંત્ર નિર્ણય હશે તે યોગ્ય નહીં હોય. લવકુમાર મિશ્રા માને છે કે નીતીશકુમાર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહનું દબાણ હતું. ચૂંટણી દરમિયાન જ તેમને કહેવામાં આવ્યું હતું કે તેમણે હવે રાજ્યસભામાં જવું જોઈએ અને રાજ્યમાં ભાજપના મુખ્ય પ્રધાન બનાવવા જોઈએ. નીતીશકુમારને કહેવામાં આવ્યું હતું કે આગામી મુખ્યમંત્રી તેમની સંમતિથી પસંદ કરવામાં આવશે. જો ભાજપના મુખ્યમંત્રી બનશે, તો બે નાયબ મુખ્યમંત્રી જેડીયુમાંથી હશે.

મુખ્યમંત્રીપદની રેસમાં સમ્રાટ ચૌધરી ઉપરાંત નિત્યાનંદ રાય, વિજય સિંહા, દિલીપ જયસ્વાલ, સંજીવ ચૌરસિયા, પ્રમોદ ચંદ્રવંશી, રામકૃપાલ યાદવ, જનક રામ જેવા લોકોનાં નામ પણ ચર્ચામાં છે. નીતીશકુમારના પુત્ર નિશાંત કુમારને નાયબ મુખ્યમંત્રી બનાવવાની પણ ચર્ચા છે. નિશાંતકુમાર નીતીશકુમારના એક માત્ર પુત્ર છે. તેઓ મોટા ભાગે જાહેર અને રાજકીય જીવનથી દૂર રહ્યા છે. તેમણે એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. જો નિશાંતકુમારને નાયબ મુખ્ય મંત્રી બનાવવામાં આવે તો નીતીશકુમાર પણ વંશપરંપરાગત શાસનના સમર્થક ગણાઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભાજપે ૨૦૩૦ તો શું ૨૦૨૬નું વર્ષ પૂરું થાય ત્યાં સુધી પણ નીતીશને મુખ્ય મંત્રીના હોદ્દા પર રહેવા દીધા નથી. તેમના આ નિર્ણયથી તેમના પક્ષનાં લાખો કાર્યકરોને ભારે આંચકો લાગ્યો છે

ટી-૨૦ ફાઈનલ માટે બે અસ્થાયી હોસ્પિટલ બનશે

ગાયક અરિજીતસિંહ, ગાયિકા ફાલ્ગુની પાઠક પર્ફોમ કરશે

દર 100 મીટરે બેરિકેડિંગ, 2000 પોલીસ જવાનો તૈનાત રહેશે

અમદાવાદ : અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી 8 માર્ચે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચને લઈને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ મહામુકાબલાની શરૂઆત ભવ્ય સેરેમની અને મેગા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે થશે. ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસે સ્ટેડિયમમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારમાં ત્રણ સ્તરની ચેકિંગ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. આશરે 200 સીસીટીવી કેમેરા અને ડ્રોન સર્વેલન્સ દ્વારા સતત નજર રાખવામાં આવશે.

મળતી માહિતી મુજબ ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચના મહામુકાબલાની શરૂઆત ભવ્ય સેરેમની અને મેગા સાંસ્કૃતિક કાર્યક્રમમાં જાણીતા ગાયક અરિજીતસિંહ, લોકપ્રિય ગાયિકા ફાલ્ગુની પાઠક અને આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મન્સ આપશે. 1.25 લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં યોજાનાર આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે સ્ટેજ, લાઈટિંગ અને સાઉન્ડ સિસ્ટમની આખરી તૈયારીઓ ચાલી રહી છે.

અમદાવાદ શહેર પોલીસના ઝોન-2ના ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું કે, ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસે પણ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારમાં ત્રણ સ્તરની ચેકિંગ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. આશરે 200 સીસીટીવી કેમેરા અને ડ્રોન સર્વેલન્સ દ્વારા સતત નજર રાખવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થામાં 1 જેસીપી અને 7 ડીસીપી મોનિટરિંગ કરશે, જ્યારે 14 એસીપી, 30 પીઆઈ અને 91 પીએસઆઈ સહિત 2000થી વધુ પોલીસ જવાનો તૈનાત રહેશે. સ્ટેડિયમની બહાર ભીડ નિયંત્રણ માટે દર 100 મીટરે બેરિકેડિંગ કરવામાં આવ્યું છે અને 20 હજાર વાહનો પાર્ક થઈ શકે તેવી વિશાળ પાર્કિંગ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

BUSINESS મિત્ર

પશ્ચિમ એશિયામાં તણાવ અને ક્રૂડના વધતા ભાવને કારણે બજારમાં 'બ્લેક મંગળવાર' જેવો માહોલ

શેરબજારમાં ધબડકો: સેન્સેક્સ 1100 પોઈન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: ધૂળેટીના દિવસે શેરબજારમાં તેજી આવી હતી, પણ આજે સવારથી જ વેચવાલી ચાલુ રહેવા પામી હતી, જેમાં ફરીથી બજાર નીચલા સ્તરે પહોંચી ગયું હતું. બીએસએઇ ખાતે 1100 પોઈન્ટ અને નિફ્ટી 300 પોઈન્ટનો કડાકો બોલાયો હતો. ખાસ કરીને ક્રુડ ઓઈલના વધતા ભાવની અસર જોવા મળી હતી. આ ઉપરાંત, પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને રોકાણકારોના સેન્ટિમેન્ટ પર સતત ફોરેન ફંડના પ્રવાહ સાથે સેન્સેક્સ-નિફ્ટી મોટા નુકશાન સાથે સમાપ્ત થયા હતા.

બીએસઇ સેન્સેક્સ 1097 પોઈન્ટ એટલે કે 1.37 ટકા ઘટીને 79000 પોઈન્ટની સપાટી તોડીને 78918.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. નિફ્ટી 315.45 પોઈન્ટ એટલે કે 1.27 ટકા તૂટીને 24500ની સપાટીની નીચે સરકીને 24450.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24700 પોઈન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે 24415 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1272.60 પોઈન્ટ એટલે કે 2.15 ટકા ઘટીને 58000 પોઈન્ટની સપાટી તોડીને 57783.25 પઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ઈન્ડિયામાર્ટ 61.52 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સ 31.43 ગણા, સેફાયર ફુડસ 25.5 ગણા, યુનાઈટેડ બ્રેવરેજીસ21.3 ગણા અને જયુપીટર વેગન્સ 14.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જયુપીટર વેગન્સમાં 47.37 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સ 46.3 ગણા, ઈરકોન ઈન્ટરનેશનલ 24.69 ગણા, એલીકોન એન્જીનીયરીંગ 7.73 ગણા અને એલટી ફુડસ 6.84 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવીલી જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.07 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, આજે લાર્જકેપ શેરોમાં વધુ ખરાબ પ્રદર્શન જોવાયું હતું.

માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2118 શેરો વધ્યા હતા, જ્યારે 2047 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા.

પ્રાઇવેટ બેન્ક શેરોમાં ભારે વેચવાલી રહી હતી. નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ઈન્ડેક્સ 2.27 ટકા ઘટ્યા હતા. જેમાં આઈસીઆઈસીઆઇ બેન્ક, એકસીસ બેન્ક, એચડીએફસી બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, આરબીએલ બેન્ક, કોટક બેન્ક, બંધન બેન્ક, ફેડરલ બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અને યસ બેન્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ઈન્ડેક્સ ફ્યુચર્સ 176 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો ઘટાડા સાથે ખુલી શકે છે. જ્યારે યુરોપિયન બજારો પણ નીચલા સ્તરે ચાલી રહ્યા છે. ઈરાન યુદ્ધના કારણે બળતણ મોંઘું થયું છે, જેથી એશિયન બજારોમાં રાતોરાત વોલસ્ટ્રીટના નુકશાનને ટ્રેક કરે છે.

ડોલરમાં મજબૂતાઇ, 14 પૈસા વધ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 14 પૈસા ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 91.75ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 91.61ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.67, પાઉન્ડ 122.32, કેનેડિયન ડોલર 66.96, ઓસ્ટ્રેલિયન ડોલર 64.21, જાપાનીઝ યેન 0.5812 અને સીંગાપોર ડોલર 71.67ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	91.74 રૂ.
યુરો	106.67 રૂ.
પાઉન્ડ	122.32 રૂ.
યેન	0.5812 રૂ.

સેન્સેક્સ	-1097.00	78918.90
નિફ્ટી	-315.45	24450.45
બેન્ક નિફ્ટી	-1272.60	57783.25

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	1.84	468.45
રિલાયન્સ ઇન્ડ.	1.11	1404.80
ઓએનજીસી	0.94	278.95
સન ફાર્મા	0.83	1799.40
એનટીપીસી	0.67	380.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICI બેન્ક	3.26	1313.40
ઇટર્નલ	3.15	232.57
શ્રીરામ ફાઇનાન્સ	3.08	1007.50
એકસીસ બેન્ક	2.47	1315.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.45	11987.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	1.82	468.35
રિલાયન્સ ઇન્ડ.	1.11	1405.20
સન ફાર્મા	0.68	1795.00
એનટીપીસી	0.61	380.45
ઇન્ફોસીસ	0.26	1308.25

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	3.39	232.15
ICICI બેન્ક	3.39	1313.35
એકસીસ બેન્ક	2.58	1315.90
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.56	11986.75
HDFC બેન્ક	2.39	857.10

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂ.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૭૫/૩૬	''	૧૧૧	----- ---
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૩૬	''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો ૧૨૯
લોકલ		૫૦/૪૮ SD/કેપ		૧૮૫	**ગાર્ડન**
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	**RIL રિલાયન્સ**			૪૯/૨૪